


## વાગરા નગરમાં આવેલી વાંટા મિશ્ર શાળામાં બાળકો પાસે સફાઈ કરાવાતી હોવાના આક્ષેપોને પગલે વિવાદ

# પહેલા ઝાડુ, પછી ભણતર!

**આવી રીતે ભણશે બાળ?**

» વાલીનો આક્ષેપ: બાળકો પાસે કચરો વળાવી રસ્તા પર નાંખવા મોકલાય છે, અકસ્માતની જવાબદારી કોણ લેશે?

» આચાર્યાનો બચાવ: સ્વચ્છતા સેવા યોગદાન કાર્યક્રમના ભાગરૂપે કામગીરી, શાળાને બદનામ કરવાનું ષડયંત્ર

**વાલીઓએ** શિક્ષણ વિભાગને વિડીયો મોકલી તપાસની માંગ કરી

ભરૂચ: વાગરા નગરમાં આવેલી વાંટા મિશ્ર શાળામાં બાળકો પાસે સફાઈ કરાવવામાં આવતી હોવાના આક્ષેપોને પગલે વિવાદ ઊભો થયો છે. વાલીઓ દ્વારા રજૂ કરાયેલા કથિત વિડીયોમાં બાળકો હાથમાં સાવરણી લઈને કચરો સાફ કરતા દેખાતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઘટનાને લઈને શાળાના સંચાલન અને બાળકોની સુરક્ષાને મુદ્દે સવાલો ઊઠ્યા છે.



આ મામલે વાલી આસિફ શેખે શાળાના આચાર્ય અને સ્ટાફની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી છે. તેમના આક્ષેપ મુજબ, બાળકો પાસે કચરો સાફ કરાવી તેને શાળાની બહાર ચાલુ રસ્તા પર ફેંકવા માટે મોકલવામાં આવે છે. રસ્તા પર જતી વખતે કોઈ બાળક અકસ્માતનો ભોગ બને કે અન્ય અનિચ્છનીય ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે, તેવો સવાલ તેમણે ઉઠાવ્યો છે. આ ઉપરાંત, અગાઉ બાળકોને જમતી વખતે પાથરણા પર વ્યવસ્થિત બેસાડવામાં આવતા હોવા છતાં વર્તમાન વ્યવસ્થા અંગે પણ તેમણે અસંતોષ વ્યક્ત કર્યો છે.

બીજી તરફ શાળાનાં આચાર્યા મહેમુદાબેને જણાવ્યું હતું કે સફાઈની કામગીરી સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સ્વચ્છતા સેવા યોગદાન કાર્યક્રમના ભાગરૂપે કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિ દરમિયાન ટીમ બનાવી સફાઈ કરવી, પત્રક-બી તથા શિક્ષણ સાગરના સત્તાવાર ગ્રુપમાં ફોટા મૂકવા અને વડી કચેરીને અહેવાલ મોકલવાની પ્રક્રિયા અનુસરવાની હોય છે. તેમણે આ પ્રવૃત્તિને શિક્ષણનો એક ભાગ ગણાવ્યો હતો. આચાર્યાએ શાળાની આર્થિક મર્યાદાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે સરકાર તરફથી અલગ ખર્ચ મળતો નથી. તેમણે શાળા અને પોતાની છબી ખરડવાનું કાવતરું હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. દરમિયાન, વાલીઓએ શિક્ષણ વિભાગને વિડીયો મોકલી શાળાની મુલાકાત લઈને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. સમગ્ર મામલે તપાસ બાદ જ આક્ષેપોની વાસ્તવિકતા સ્પષ્ટ થશે.

### તપાસના કેન્દ્રમાં ત્રણ મુદ્દા

1. બાળકોની સુરક્ષા: બાળકોને કચરો ફેંકવા ચાલુ રસ્તા પર મોકલવામાં આવતાં હોવાના આક્ષેપ
2. શાળાનો બચાવ: આચાર્યાના જણાવ્યા મુજબ સફાઈ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે કરાવવામાં આવી હતી
3. વાલીઓની માંગ: શિક્ષણ વિભાગ શાળાની મુલાકાત લઈને વિડીયો અને સમગ્ર ઘટનાની તપાસ કરે

## દિગસ એક્સપ્રેસ હાઈવે ઉપર પિકઅપમાંથી વિદેશી દારૂ ઝડપાયો

**દારૂની** 6144 બોટલ સેલવાસથી કીમ તરફ લઈ જવાતી હતી, બે આરોપી વોન્ટેડ

કામરેજ: કામરેજના દિગસ ગામની હદમાં ભારતમાલા એક્સપ્રેસ હાઈવે નં.4 પર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સેલવાસથી વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલી એક બોલેરો પિકઅપ ગાડીને ડ્રાઈવર સાથે ઝડપી પાડી રૂ.28,66,920નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ સુરત જિલ્લામાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે હાઈવે પર વોચ ગોઠવવામાં આવી હતી. બાતમીવાળી પિકઅપ ગાડી નં.(જીજે 21 વાય 5886) આવતાં પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ ડ્રાઈવરે ગાડી રોકવાને બદલે ભગાડી મૂકી હતી. પોલીસે ફિલ્મીઢબે પીછો કરી દિગસ ગામની હદમાંથી ગાડી પકડી લીધી હતી.

પકડાયેલા ડ્રાઈવર ચાંદઅલી ઉર્ફે ચાંદબાબુ કરમઅલી શેખની પૂછપરછ કરતાં ગાડીના પાછળના ભાગમાંથી વિવિધ કંપનીની વિદેશી દારૂ અને બિયરની કુલ 6,144 બોટલો મળી આવી હતી, જેની કિંમત અંદાજે રૂ.20,61,120 થાય છે. ડ્રાઈવરે પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે, વસીમ બસીર શેખ નામના શખ્સે તેને ભાડેથી સેલવાસ મોકલ્યો હતો, જ્યાં સચિન ઠાકરેના માણસોએ દારૂનો જથ્થો ભરી આપી પાયલોટિંગ કર્યું હતું. આ કેસમાં પોલીસે વસીમ અને સચિનને વોન્ટેડ જાહેર કરી દારૂ, પિકઅપ ગાડી અને મોબાઈલ સહિત રૂ.28,66,920નો મુદ્દામાલ કબજે કરી આગળની તપાસ આદરી છે.

## બલેશ્વરની અવધ સાંગ્રીલામાં જુગાર રમનારા ૧૧ ઝડપાયા

**સુરત** એલસીબીની કાર્યવાહી, રૂ.૫૬.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત

પલસાણા: સુરત એલસીબીએ બલેશ્વરની અવધ સાંગ્રીલા સોસાયટીના મકાન નં.૧૦૮માં ચાલતા મોટા પાયાના જુગારધામ પર દરોડો પાડી ૧૧ જુગારીને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી 56.20 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

એલસીબી પીઆઈ એન.જી. પાંચાણીના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે પલસાણા ચાર રસ્તા પાસે બાતમી મળી હતી કે, નાશીર હુશેન ઉર્ફે પપ્પુ રહેમાન સમા તથા ગોરધનભાઈ વિરજીભાઈ સરવૈયા બહારથી લોકોને બોલાવી તીનપત્તીનો હારજીતનો જુગાર રમાડી રહ્યા છે. બાતમીના આધારે બારડોલી ડિવિઝન નાયબ પોલીસ અધિક્ષકની કચેરીમાંથી જુગારધારા હેઠળ વોરંટ મેળવી


ઈલ્યાસ શેખ

છાપો મારવામાં આવ્યો હતો. જ્યાં જુગાર રમી રહેલા નાશીર હુશેન (રહે.,મહુવા, ભાવનગર), અરવિંદભાઈ ઘાણીધારીયા (રહે.,ભાવનગર), હાજી ઈસ્માઈલ મંસુરી (રહે.,રાજુલા), ભગવાનભાઈ જેઠાભાઈ રામ (રહે.,રાજુલા), પ્રભાભાઈ બલર (રહે.,વરાછા, સુરત), વિઠ્ઠલ સાવલીયા (રહે.,કામરેજ), ખીમજી પટેલ (રહે.,મોટા વરાછા, સુરત), દિલીપ કાનાણી (રહે.,કામરેજ), રાજીવ સાવલીયા (રહે.,કામરેજ), સંજય બોરીચા (રહે.,કતારગામ, સુરત) તથા ધર્મેશ સોલંકી (રહે.,કતારગામ) સહિત ૧૧ શખ્સ પકડાયા હતા. પોલીસે દાવના રૂ.૩૫,૦૦૦, આરોપીઓની અંગજડતીમાંથી રોકડા રૂ.૩,૭૫,૦૦૦, રૂ.૧.૬૦ લાખની કિંમતના ૧૩ મોબાઈલ ફોન તેમજ બહાર પાર્ક કરેલી ૫ લક્ઝુરિયસ કાર (જેમાં સ્કોર્પિયોમાંથી વધારાના રોકડા રૂ.૮ લાખ મળ્યા હતા) અને ૧ એક્સેસ મોપેડ સહિત કુલ મળી રૂ.૫૬,૨૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, મકાન માલિક ગોરધનભાઈ વિરજીભાઈ સરવૈયા જુગાર રમવા માટે જગ્યા પૂરી પાડી નાલ પેટે રકમ મેળવતા હતા, જેથી તેમને વોન્ટેડ જાહેર કરાયા છે.

## કડોદરાની અરિહંત પાર્ક સોસાયટીમાં પરિણીતાની શંકાસ્પદ લાશ મળી

પલસાણા: મૂળ બિહારના નાલંદાના કુતલુપુર ગામની વતની કાજલકુમારી કડોદરા સ્થિત અરિહંત પાર્ક સોસાયટીની સર્જન રેસિડેન્સી બિલ્ડિંગના ચોથા માળે, ફ્લેટ નં.૪૦૨માં રહેતી હતી. આ ઘટના ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૧:૪૫થી ૬:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન બની હોવાનું સામે આવ્યું છે. સવારે ૮:૪૫ વાગ્યે બનાવની જાણ થતાં જ કડોદરા GIDC પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સ્થાનિક ચર્ચાઓ અને પરિવારજનોના જણાવ્યા મુજબ પરિણીતા રાત્રિના સમયે પૈસા લઈને નીકળી હતી અને સવારે તેનો મૃતદેહ મળી આવતાં ગંભીર સવાલો ઊભા થયા છે. પરિણીતાના પરિવારે આ મામલે હત્યા થઈ હોવાની દ્રઢ આશંકા વ્યક્ત કરી છે. જોકે, પોલીસની પ્રાથમિક નોંધ મુજબ મોતનું કારણ અકબંધ છે.

## એના એક્સપ્રેસ-વે પર રૂ.51 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**ટ્રક** સહિત કુલ રૂ.૬૬.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત, એકની ધરપકડ

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી.એ એના ગામની સીમમાં મુંબઈ-વડોદરા એક્સપ્રેસ-વે પરથી ટ્રકમાં લઈ જવાતો રૂ.૫૧.૮૪ લાખની કિંમતનો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો હતો. સમગ્ર કાર્યવાહીમાં ટ્રક સહિત કુલ રૂ.૬૬,૮૯,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની અટકાયત કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર પોલીસ ટીમને બાતમી મળી હતી કે, એક અશોક લેલન ટ્રક નં.(MH-16-AY-3566)



માં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરી નવસારીના ખારેલ તરફથી એક્સપ્રેસ હાઈ-વે પર થઈ વડોદરા તરફ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે પલસાણાના એના ગામની હદમાં એક્સપ્રેસ-વે પર વોચ ગોઠવી શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી. ટ્રકની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂ વ્હીસ્કીની કુલ ૫૧,૮૪૦ બાટલીઓ મળી આવી હતી, જેની કિં.રૂ.૫૧,૮૪,૦૦૦ થાય છે. આ સાથે પોલીસે રૂ.૧૫ લાખની કિંમતની ટ્રક, રોકડા રૂ.૫૦૦ તથા મોબાઈલ ફોન મળી કુલ રૂ.૬૬,૮૯,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઘટના સ્થળેથી ટ્રકચાલક ચેતન વિશનારામ જાટ (ઉ.વ.૧૮) (રહે.,બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું હતું કે, આ દારૂનો જથ્થો ચારોટી બ્રિજ નજીક હાઈવે પરથી ભરી આપવામાં આવ્યો હતો અને ગુજરાતમાં પહોંચાડવાનો હતો. પોલીસે દારૂનો જથ્થો ભરાવનાર 'મામા' નામના શખ્સ, ટ્રક આપી જનાર તેમજ દારૂનો જથ્થો મંગાવનાર સહિત અન્ય સંડોવાયેલા વોન્ટેડ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.ની મહિલા સરપંચ રૂચિકા પટેલ સસ્પેન્ડ

**ભ્રષ્ટાચારી** વહીવટ મામલે મહિલા સરપંચ અને ડે.સરપંચ એકબીજા ઉપર આક્ષેપો કરી રહ્યાં હતાં

સાયણ: ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ રૂચિકાબેન કે. પટેલ સામે ભ્રષ્ટાચારના ગંભીર આરોપો સાબિત થતાં સુરત જિલ્લા વિકાસ અધિકારીએ તેમને હોદ્દા પરથી સસ્પેન્ડ કરવાનો કડક હુકમ કર્યો છે. આ નિર્ણયથી તાલુકાના પંચાયતી રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મળતી વિગતો મુજબ તા.૧/૭/૨૦૨૫થી સરપંચ તરીકે કાર્યરત રૂચિકાબેને અગાઉ પૂર્ણ



થયેલાં ગામનાં ૨૧ કામ માટે સ્વભંડોળમાંથી ફરી વહીવટી મંજૂરી મેળવી હતી. તે પૈકી પેવર બ્લોક, RCC અને ડામર રોડ સહિતનાં ૮ કામ બેવડાયાં હતાં. જ્યારે ૨ કામ સ્થળ પર થયાં જ ન હોવા છતાં પૂર્ણતાના પ્રમાણપત્રો મેળવી પંચાયતની તિજોરીમાંથી રૂ.૨૪,૯૦,૦૭૪નું બિલ ચૂકવી દેવાયું હતું.

આ ગેરરીતિ અંગે ડેપ્યુટી સરપંચ આનંદ કહાર અને વોર્ડ સભ્યોએ ઓલપાડ TDO તથા સુરત DDOને લેખિત ફરિયાદ કરી હતી. તપાસના આધારે DDOએ રૂચિકાબેનને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ કારણદર્શક નોટિસ ફટકારી હતી. સુનાવણી દરમિયાન સરપંચે રાજકીય કિન્નાખોરીનો આક્ષેપ કરી મુદત માંગી હતી.

પરંતુ ૩ વખત મુદત આપ્યા બાદ, તા.૭ ઓક્ટોબરે યોજાયેલી અંતિમ સુનાવણીમાં તેમના વકીલ દ્વારા રજૂ કરાયેલો ખુલાસો અસંતોષકારક જણાતાં તેમને કસૂરવાર ઠેરવવામાં આવ્યા હતા. તા.૮ ઓક્ટોબરે DDOએ તેમને સરપંચ પદેથી દૂર કરી હોદ્દાનો ચાર્જ ફરિયાદી ડેપ્યુટી સરપંચ આનંદ કહારને સોંપવાનો આદેશ કર્યો છે.

## ઓલપાડના અસ્નાબાદમાં મહિલાએ ફાંસો ખાધો

સાયણ: ઓલપાડના અસ્નાબાદ ખાતે 'સમર્થ હોમ્સ'માં રહેતા અને મૂળ જામનગરના બાલંભા ગામના ૫૬ વર્ષીય હસુમતીબેન ઈશ્વરભાઈ ચોટલીયા છેલ્લા કેટલાય સમયથી દમના હઠીલા રોગ અને માથાના દુખાવાથી પીડાતાં હતાં. ગત ૯ ઓક્ટોબરે તબિયત વધુ લથડતાં, ઘરમાં એકલતાનો લાભ લઈ તેમણે પંખા સાથે ઓઢણી બાંધી આત્મહત્યા કરી લીધી હતી.

## પાલોદમાં ફેક્ટરીમાં કામ બાબતે યુવક પર સળિયાથી હુમલો, 3 સામે ફરિયાદ

**પલ્લવી** ફેક્ટરીમાં જૂની અદાવતમાં બનેલી ઘટના

હથોડા: પાલોદ પોલીસ મથક હસ્તકના નવાપરા વિસ્તારમાં આવેલી પલ્લવી ફેક્ટરીમાં સાથે કામ કરતા કર્મચારીઓ વચ્ચે થયેલી જૂની અદાવતમાં એક યુવક પર જીવલેણ હુમલો થયો હતો. આ મામલે પાલોદ પોલીસ મથકે ત્રણ શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ હાલ પાલોદના જે.બી. રો હાઉસમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશના વતની સુમનપ્રસાદ ગણેશપ્રસાદ યાદવે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમના પુત્ર શુભમ સાથે પલ્લવી ફેક્ટરીમાં કામ બાબતે ગૌતમ તિવારી નામના સહકર્મી સાથે બોલાચાલી અને ધક્કામુક્કી થઈ હતી. આ બાબતની અદાવત રાખીને સાંનિધ્ય સોસાયટી નજીક આરોપીઓએ શુભમને રસ્તામાં આંતર્યો હતો. હુમલા દરમિયાન આરોપી શંકર અને સુમિત તિવારીએ શુભમને પકડી રાખ્યો હતો, જ્યારે ગૌતમ તિવારીએ લોખંડના સળિયા વડે માથામાં તેમજ શરીરે સપાટા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ સાથે આરોપીઓએ ઢીકામુક્કીનો માર પણ માર્યો હતો. આ ઘટના અંગે સુમનપ્રસાદની ફરિયાદના આધારે પાલોદ પોલીસે ગૌતમ તિવારી, શંકર (બંને રહે.,લીંડિયાત પાટિયા) અને સુમિત તિવારી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઉકાઈ ખાતે રૂ.૨.૧૦ કરોડના મત્સ્યપાલન પ્રકલ્પનું લોકાર્પણ

સોનગઢ: બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને ઉકાઈ ખાતે કામધેનુ યુનિ.ના 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન એક્વાકલ્ચર' દ્વારા પાંજરા આધારિત મત્સ્યપાલનની શ્રેષ્ઠ વ્યવસ્થાપન પદ્ધતિઓ અંગે સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે સાંસદના હસ્તે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) હેઠળ રૂ.૨.૧૦ કરોડના ખર્ચે ૭૦ પાંજરાઓના મત્સ્યપાલન પ્રકલ્પનું લોકાર્પણ કરાયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ભારતીય વિદ્યાભવનમાં કાર્યક્રમ યોજાયો


વિનોદ મૈસુરીયા

વાંકલ: વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા, સંશોધનવૃત્તિ અને ગણિત-વિજ્ઞાન પ્રત્યે રસ કેળવવાના હેતુથી માંગરોળ તાલુકા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન ભારતીય વિદ્યાભવન, GIPCL એકેડમી, નાની નરોલી ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્ષે પ્રદર્શનની થીમ "ટકાઉ અને વિકસિત ભારત માટે વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઇનોવેશન" રાખવામાં આવી હતી, જેમાં તાલુકાની કુલ 57 શાળાના 114 વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગણિત, વિજ્ઞાન, ટેક્નોલોજી અને પર્યાવરણને લગતાં વિવિધ મોડેલ, પ્રયોગો અને નવીન કૃતિઓ રજૂ કરી હતી.

### અકસ્માતમાં ઘાયલોને બચાવનાર બે 'રાહવીર'નું સન્માન


ઈલ્યાસ શેખ, ઈબ્રાહિમ કાનુ

પલસાણા, હથોડા: માર્ગ અકસ્માતમાં ગંભીર ઇજાગ્રસ્તોને 'ગોલ્ડન અવર્સ'માં હોસ્પિટલ પહોંચાડી જિંદગી બચાવનાર અલ્તાફ ઇસ્માઇલ ઝીણા (રહે.,હથોડા, માંગરોળ) અને મેહુલભાઇ કાંતિભાઇ પટેલ (રહે.,સરસ, ઓલપાડ)નું સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. સરકારની 'રાહવીર યોજના' હેઠળ બંનેને ૨૫,૦૦૦ સુધીનો પુરસ્કાર એનાયત કરાશે. પોલીસ પ્રશાસને લોકોને ડર્યા વગર અકસ્માત પીડિતોની મદદ કરી માનવતા દાખવવા અપીલ કરી છે.

### સાબરગામ કોલેજના અધ્યાપક પીએચ.ડી. થયા



દિપકસિંહ મહીડા

અંત્રોલી: સાબરગામ સ્થિત અંબાબા કોમર્સ, મણીબા અને દેવીબા ઇન્સ્ટિટ્યૂટના અધ્યાપક શૈલેષકુમાર પંકજભાઈ પાંધીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાંથી Ph.D.ની પદવી મેળવી છે. તેમણે ડો.ગોવિંદભાઈ ધિનૈયાના માર્ગદર્શન હેઠળ "Study on Customer Satisfaction Level towards Service Quality while they Purchase Grocery from Organised Retail Mall in South Gujarat Region" વિષય પર સફળ સંશોધન કર્યું છે. આ સિદ્ધિ બદલ શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ, કુંભારિયા અને કોલેજ પરિવારે તેમને અભિનંદન પાઠવ્યાં છે.

### માંડવીના ગરેડિયા નાકાનો ડાયવર્ઝન શરૂ


હિતેશ પટેલ

માંડવી: માંડવી નગરમાં ગરેડિયા નાકા ખાતે લાંબા સમયથી ચાલી રહેલી કામગીરી અને બંધ રસ્તાના કારણે વાહનચાલકો તથા રાહદારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હતા. જોકે, શનિવારથી ગરેડિયા નાકાનો નવો ડાયવર્ઝન વાહનવ્યવહાર માટે સત્તાવાર રીતે શરૂ કરી દેવાતાં નગરજનોને મોટી રાહત મળી છે. આ ડાયવર્ઝન ખુલ્લો મુકાતા જ લોકોને પડતી 5 કિલોમીટરના લાંબા ચકરાવાની હાલાકીનો કાયમી અંત આવ્યો છે.

### બુહારીમાં આંગણવાડીનું ખાતમુહૂર્ત



વાલોડ: વાલોડના બુહારીમાં ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયા અને તાપી જિલ્લા પંચાયતનાં પ્રમુખ ચંચળબેન ચૌધરી દ્વારા ભૂલકાં શિક્ષણથી વંચિત ન રહે તે માટે સુવિધાયુક્ત આંગણવાડી કેન્દ્ર-5નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ આંગણવાડી 12 લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે, જેમાં તમામ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. અગાઉ પણ ધારાસભ્ય મોહનભાઇ દ્વારા બુહારી ગામને આધુનિક તળાવ, રામજી મંદિરના વિકાસ માટે તેમજ પ્રોટેક્શન વોલ માટે કરોડો રૂપિયાની વિકાસની ભેટ આપવામાં આવી છે. આ પ્રસંગે ગામના આગેવાન ઉદયભાઈ દેસાઈ, વિનીતભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત સભ્ય અતુલ પટેલ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


**પાસપોર્ટ ખોવાયો છે**

પાસપોર્ટ નં: X1174782 જે અમારા નિવાસ સ્થાનેથી કામરેજ ચાર રસ્તા પાસે છેલ્લા પાંચ મહિનાથી ક્યાંક ખોવાઈ ગયેલ છે જેમને મળે તેમણે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

રાજેશભાઈ ગુલાબભાઈ પટેલ
રહેવાસી : ૨૬,પટેલ ફળીયું,મુ.પો.સીમાડી, તા. કામરેજ, જી. સુરત



**Milano MULTIPLEX**
બારડોલી

Drishyam:The Conclusion
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm

The Vvaan - 11:00am

Hanuman Ansh - 02:00pm

Mitrata-Gujarati- 05:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333